# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩૦-A તા.૨૬-૦૭-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- વર્ષ ૨૦૨૪-૨૫ની શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય યોજનાની કામગીરીનો અમલ કરવા બાબત.

સંદર્ભ :- ૧. પત્ર નં.જિનાની/વિજા/૨૦૨૪-૨૫/૧૬૩૯ તા.૨૫-૦૭-૨૦૨૪
૨. ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ પરિપત્ર નં.૧૧ તા.૧૧-૦૬-૨૦૨૪

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં શાળામાં અભ્યાસ કરતા ધો.૧ થી ૮ના SC/ ST/ SEBC/ NT-DNT/ Minority/ EBC/ GEN જ્ઞાતિના વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાયની દરખાસ્ત Digital Gujarat Portal પર શાળાના લોગઈનથી કરવાની થાય છે.

પ્રિમેટ્રીક ધોરણ ૧ થી ૮ શિષ્યવૃત્તિ/ ગણવેશસહાય માટે વિદ્યાર્થીઓના આધારકાર્ડની માહિતી તથા રાશનકાર્ડની માહિતી ભરવી ફરજિયાત છે. જેથી શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓએ તમામ વિદ્યાર્થીઓના આધારકાર્ડ અને રાશનકાર્ડ મેળવી લેવાના રહેશે. આ સાથે સામેલ સંદર્ભિત પત્ર નં.૧ અને ૨ મુજબ શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાયની દરખાસ્ત તા.૩૧-૦૮-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. જો કોઈ લાભાર્થી વિદ્યાર્થી શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાયથી વંચિત રહેશે તો તેની સઘળી જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીની રહેશે જેની નોંધ લેશો.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૬-૦૭-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

જિલ્લા નાયબ નિયામક
વિકસતિ જાતિઓના કલ્યાણની કચેરી
બ્લોક નં.E, પહેલો માળ, બહુમાળી ભવન,મંજુશ્રી મીલ,કંપાઉન્ડ,અસારવા,અમદાવાદ-૦૪
ફોન નંબર.૦૭૯-૨૯૭૦૧૧૨૦, E-mail: dydir-ddcw-ahm@gujarat.gov.in

પત્રનં.જિનાની/વિજા/૨૦૨૪-૨૫/૧૬૩૯ તા.૨૫/૦૭/૨૦૨૪

# પરિપત્ર

પ્રતિ ,

આચાર્ય શ્રી
પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા
(ફક્ત સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ)
જિલ્લો:-અમદાવાદ

**વિષય:- વર્ષ:૨૦૨૪-૨૫ની શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાની કામગીરીનું આયોજન કરવા બાબત.**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરી હસ્તકની **પ્રિમેટ્રીક ધોરણ ૧ થી ૮ શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય** યોજના અને ભારત સરકારની PM YASASVI Pre Matric Scholarship (Std. 9 to 10) અને **Post Matric(11-12)** યોજનાનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે. શૈક્ષણિક **વર્ષ: ૨૦૨૪-૨૫** અંતર્ગત અમદાવાદ જિલ્લાની **પ્રિમેટ્રીક ધોરણ ૧ થી ૮ શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય** યોજના અને ભારત સરકારની PM YASASVI Pre Matric Scholarship (Std. 9 to 10) અને Post Matric **ધોરણ ૧૧-૧૨** યોજના **જુલાઇ-૨૦૨૪** ના અંતીત શરૂ થવાની હોય.પોર્ટલ શરૂ થયા બાદ વિગતવાર પરિપત્ર કરવામા આવશે. વર્ષ ૨૦૨૪-૨૫ માં Digital Gujarat Portal પર વિદ્યાર્થીઓની Entry કરતી વખતે નવા જરૂરી મુદ્દાઓ નીચે મુજબ છે.જેની ખાસ નોંધ લેવી.

- → Pre Matric ધોરણ ૧ થી ૮ માટે વિદ્યાર્થીઓના આધાર કાર્ડ ની માહિતી તથા રાશન કાર્ડ ની માહિતી ભરવી ફરજીયાત છે.જેથી શાળાના આચાર્યશ્રીઓએ તમામ વિદ્યાર્થીઓના આધાર કાર્ડ અને રાશન કાર્ડ મેળવી લેવાના રહેશે.
- → Post Matric ધોરણ ૧૧-૧૨ અને Pre Matric ધોરણ ૯ -૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રાશન કાર્ડ અને આધાર કાર્ડ સાથે Aadhar seeding અને DBT Option ચાલુ કરાવી લેવુ કે જેથી ચુકવણી ઝડપીથી થઇ શકે. Utility – Aadhar Seeding પર વિદ્યાર્થીના આધાર કાર્ડ નંબર નાખી ચકાસી શકાય.
- → Pre Matric ધોરણ ૯-૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વાલીનો આવકનો દાખલો તેમજ વિદ્યાર્થીનો જાતિનો દાખલો/જી.આર નો ઉતારો અપલોડ કરવા ફરજીયાત હોવાથી શાળાના
- → આચાર્યશ્રીઓએ વિદ્યાર્થીના આધાર કાર્ડ,રાશન કાર્ડ,પિતાનો આવકનો દાખલો,વિદ્યાર્થીનો જાતિનો દાખલો/જી.આર નો ઉતારો મેળવી લેવાના રહેશે.
- → Post-Matric ધોરણ ૧૧-૧૨ મા અભ્યાસ કરતા વિદ્યાર્થઓ માટે વિદ્યાર્થીનો જાતિનો દાખલો,પિતાનો આવકનો દાખલો,વિદ્યાર્થીનું આધાર કાર્ડ,રાશન કાર્ડ,વિદ્યાર્થીની Bank Passbook,ફી પહોંચ,છેલ્લે પાસ કરેલ વર્ષની માર્કશીટ,જો અભ્યાસ મા Break હોય તો સોગંધનામું અપલોડ કરવું. **(Post Matric ધોરાણ ૧૧-૧૨ માં વિદ્યાર્થીએ જાતે ફોર્મ ભરવાનું રહેશે Digital Gujarat Portal પર)**
- → વિદ્યાર્થીના ફોર્મ ભરવાની જરૂરીયાત મુજબ ના પૂરા Docments શાળા પાસે રેકર્ડ પર હોય ત્યાર પછીજ વિદ્યાર્થીની Entry કરવી.

**શાસનાધિકારી**
**અમદાવાદ**

**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી**
**અમદાવાદ**

**જિલ્લા શિક્ષણાધિકારી**
**અમદાવાદ (શહેર)**

**જિલ્લા શિક્ષણાધિકારી**
**અમદાવાદ (ગ્રામ્ય)**

**જિલ્લા નાયબ નિયામક**
**વિકસતી જાતિ અમદાવાદ**

**નકલ રવાના:**

- નિયામકશ્રી, વિકસતીજાતિ,ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ